# માઈકલ સાથે મૈત્રી

–રસીક ઝવેરી

તે દીવસે મોસમ ખશનુમા હતી. બે અઠવાડીયાં પછી મારે (લંડનથી) કૉન્ટીનેન્ટ સફરે નીકળવું એમ આગલે દીવસે નક્કી થયું અને વહેલી સવારે ઘરેથી ખુશીખબરના પત્ર મળ્યા હતા. એટલે મારું મન પણ આનન્દમાં હતું. નીરુદ્દેશે પગપાળા રખડતાં રખડતાં મને કકડીને ભુખ લાગી. હાઈડ પાર્ક, મારબલ આર્ચ, રીજન્ટ સ્ટ્રીટ વટાવતો હું ટોટન રોડ કોર્ટ રોડ ટ્યુબ સ્ટેશન પાસે પહોંચ્યો ત્યારે એક વાગ્યો હતો.

હું મારા મનપસંદ 'અલ્હાબાદ રેસ્ટોરાં' તરફ વળ્યો. ત્યાંનું જમણ મને ફાવી ગયું હતું. આછા બ્રાઉન 'ટાન'વાળી હસમુખી વેટ્રેસ મારી જરુરીયાતો જાણે. હું જાઉં કે તરત 'ગુડ ડે, સર !' કહેતી મોટું જગ, ઠંડા પાણીનું ભરી મુકી જાય. મેં સ્મીત ફેંકીને કહ્યું, 'સેઈમ એસ યુઝવલ.' પેલી સમજી જાય. પરોઠા, શાક, વઘાર કરેલી દાળ, પુલાવ, પાપડ, રસગુલ્લાં અને છેવટે બ્લેક કૉફી. કેમેરા, હેવી કોટ, હૅટ અને છત્રી વેટ્રેસને હવાલે કરી હું બારી પાસેની મારી રોજીન્દી બેઠક પર ગોઠવાયો. ત્યાં બેસવું મને ગમે. ત્યાંથી મને સ્ટ્રૉબેરી વેચતી પેલી ત્રીપુટી દેખાય. યુવાન દમ્પતી અને ભટુરીયું. હું રોજ ત્યાંથી સ્ટ્રૉબેરી ખરીદું. હવે તો ખાસ્સી પહેચાન થઈ ગઈ હતી. લંચ અવરમાં ત્યાં ખાસ્સી ભીડ જામે. લાલ ઝાંયવાળી તાજી સ્ટ્રૉબેરી અને સ્ફુર્તીલા એ યુગલ કરતાંયે મને વધુ આકર્ષણ તો હતું એ રોજગારને રળીયામણો બનાવનાર કીલકીલાટ કરતા બાળક માઈકલનું.

સ્ટ્રૉબેરીની બાંકડાગાડી, પતીપત્ની અને ભટુર એ ચારેયના સહયોગમાંથી એક રુપાળી રોનક ફેલાતી હતી – એકથી બીજાને વીખુટા ન પાડી શકાય તેવી. યુવતી મીઠી હલકે, "ફ્રેશ સ્ટ્રૉબેરીઝ, થ્રી એન્ડ સીક્સ !" એક ટહુકે અને ગ્રાહકની માંગ ઝીલી, "યસ લવ ! યસ ડાર્લીંગ !" એમ કહેતી મીઠું મલકીને સ્ટ્રૉબેરીને પ્લાસ્ટીકના ચમચાથી ઉંચકીને ત્રાજવામાં નાખતી જાય. યુવક એ મુખમલકાટને તાલેતાલે સીફત અને ચપળતાથી સ્ટ્રૉબેરી થેલીમાં ઠલવી "થૅંક યુ સર ! થૅંક યુ લવ !" કહી ગ્રાહકને આપતો જાય; અને પેલો તંદુરસ્તીમસ્ત, લાલ ટમેટાં જેવા ગાલ અને સોનેરીવાળવાળો ભટુર ગ્રાહકો પાસેથી પૈસા લઈ એની માને આપે અને ચેન્જ લઈ, 'થૅંક યુ સર ! થૅંક યુ મૅમ !" કહેતો પાછું આપે.

લંચ પતાવી હું બહાર નીકળ્યો. ટોમ, મેરીયાના અને માઈકલ હવે તો મીત્ર જેવાં થઈ રહ્યાં હતાં. અડધો પાઉન્ડ મારું સ્ટ્રૉબેરીનું પેકેટ, મને જુએ કે તરત વગર પુછ્યે તૈયાર કરી આપે. હું બાળક માઈકલ સાથે વાતે વળગ્યો. સામે જ આઈસક્રીમનો સ્ટૉલ હતો. મેં

એક બાર ખરીદી માઈકલને આપ્યો. પહેલે દીવસે આઈસ્ક્રીમ લેતાં એ અચકાયો હતો. મા સામે મીટ માંડી. માએ કહ્યું, ''ટેક ઈટ ડાર્લીંગ !'' માઈકલે બાર લઈને કહ્યું, ''થેંક યુ સર !'' પછી તેણે મને પુછ્યું, ''તમારું નામ શું ?'' મેં કહ્યું, ''ઝવેરી.'' એ નામ જાણે એને ન ફાવ્યું હોય એમ એણે એનું 'અંકલ જેરી' કરી નાખ્યું અને ત્યારથી અમારી દોસ્તી જામી ગઈ. માઈકલ મા સામે મીટ માંડ્યા વગર હવે ચૉકોબાર લઈ લેતો. માઈકલ ગ્રાહકોનો લાડકો. બધાં એને 'બીઝી યંગમૅન' કહે. એ બધા ગ્રાહકોને દીઠે ઓળખે. ટોમ જેટલો ભલોભોળો એટલી મેરીયાના ચાલાક અને નટખટ. પૈસાનો હીસાબ ચોકસાઈથી રાખે. નાના કૉટેજના હપતા કાળજીથી ભરે. માઈકલ તો એને મન જાણે રાજકુંવર. ગ્રાહકોને પણ ઠાવકાઈથી સાચવે. પાઉન્ડ માગનાર બે પાઉન્ડ લઈ જાય એવી મીઠી જબાન. ચાર વાગ્યે બાંકડો ખાલી થઈ જાય. પછી સ્કુટર ઉપર ત્રણે ઘરભેગાં.

મારે હજી પંદર દીવસ લંડનમાં ગાળવાના બાકી હતા. ત્યાં તો ગળાડુબ કામ અથવા થોકબંધ નાણું હોય તો જ ગમે. મેં માઈકલને પુછ્યું, ''ફરવા આવવું છે મારી સાથે ?'' સવાલ અથડાયો કે તરત તેણે મારી આંગળી પકડી લીધી. કહે, ''કમૉન અંકલ, લેટ્સ ગો !'' મેરીયાના સામે જોઈ કહ્યું, ''મને એકલા ફરતાં અડવું લાગે છે.'' એ આંખ મીચકારીને કહે, ''મને સાથે કેમ નથી લઈ જતા ? અડવું નહીં લાગે. માઈ હસબન્ડ ઈઝ અ સ્પોર્ટ. વાંધો નહીં લે !'' ટૉમ મોટેથી હસવા લાગ્યો. મજાક ઝીલતાં મેં કહ્યું, ''મને માઈકલ સાથે વધુ ફાવશે. જો રજા આપો તો ચાર વાગ્યા પહેલાં મુકી જઈશ.'' માની આંખમાંની મંજુરી પારખી, એને અંગુઠો બતાવતો માઈકલ મારી આંગળી ખેંચી ચાલવા લાગ્યો.

ઓક્સફર્ડ સ્ટ્રીટ, પીકેડેલી, અને સ્ટ્રેન્ડ વટાવી ચાલતાં ચાલતાં અમે ટ્રાફાલ્ગર સ્ક્વેર –લંડનના કબુતરખાના પાસે પહોંચ્યા. નાનાંમોટાં સૌ સરખાં બનીને કબુતરોને ચણ ખવરાવતાં હતાં. માઈકલ કહે, ''અંકલ, આપણે શીંગ લઈએ ?'' મેં શીંગની ડબ્બી ખરીદવા માંડી. માઈકલે મને રોક્યો. કહ્યું, ''અહીંથી ના લેશો. અહીં તો ખુબ પૈસા બેસે. ચાલો, આપણે સામેના સ્ટોરમાંથી મોટું પૅકેટ લઈ આવીએ. એ સ્ટોરવાળી મારી ફ્રેન્ડ છે.'' રસ્તો ઓળંગી અમે સામે ગયા. સ્ટોરવાળી બાઈએ હસીને પુછ્યું, ''કેમ માઈકલ ! તારી મમ્મી કેમ છે ? હમણાં કેમ દેખાતો નથી ?'' માઈકલ ઠાવકું મોં રાખીને કહે, ''સ્ટ્રૉબેરીની સીઝન ચાલે છે. હમણાં અમે ખુબ બીઝી છીએ.'' પેલી હસી પડી. માઈકલે 'અંકલ જેરી'ની ઓળખાણ કરાવી. પછી પીનટનું મોટું પૅકેટ માગ્યું. મેં કહ્યું, ''આપણે મેરીયાના માટે કંઈક લઈએ.'' એ કહે, ''મમ્મીને કાજુ બહુ ભાવે છે.'' કાજુ લેવાયાં. માઈકલ ગોઠવાઈ ગયો. કબુતરો એના હાથ પર, ખભા પર, માથા પર કુદાકુદ કરતાં શીંગ ખાતાં જાય. હાથમાંની શીંગ ખુટતાં

માઈકલ કહે, ''કમોન અંકલ, હવે તમારો વારો. તમે ડરતા નહીં. એ કંઈ ચાંચ નહીં મારે. બસ, ચુપચાપ ઉભા રહેવાનું શીંગ લઈને, મારી જેમ જ.''

બાજુમાં એક યુવતી ઉભી હતી તે હસવા લાગી. મને પુછ્યું, ''વોટ અ સ્વીટ ડાર્લીંગ ! તમારો પૌત્ર છે ?'' મેં કહ્યું, ''ના. મારો દોસ્ત છે. લંડનમાં હી ઈઝ માય ઓન્લી ફ્રેન્ડ.'' પેલી કહે, ''તમારો કૅમેરા મને આપો. હું તમારા બન્નેનો એક સ્નેપ લઈ દઉં.'' મેં કૅમેરા આપ્યો. ચાંપ દબાઈ. છબી પડી ગઈ. અમારી ભાઈબંધીને મહોર લાગી ગઈ. સાડા ત્રણ થવા આવ્યા હતા. માઈકલ કહે, ''હવે આપણે જઈએ, મા રાહ જોતી હશે.'' બાંકડા પાસે પહોંચીને માઈકલે તરત જ માને કાજુનું પડીકું આપ્યું. કહે, ''તારે માટે અંકલ લાવ્યા.'' મેરીયાનાએ મીઠું 'થૅંક યુ–' મારા ભણી ફેંકી માઈકલને કહ્યું, ''તો પછી આપણે અંકલને કૉફી પાવી પડશે.'' પાસેના કાફેમાં મીજલસ જામી ગઈ. છુટા પડતાં માઈકલ કહે, ''અંકલ, કાલે આપણે ઝુ જોવા જઈશું ?''

એ પછી મને લંડનમાં અડવું નહોતું લાગતું. ઘણી બપોર માઈકલની સોબતમાં આનન્દમાં વીતતી. એને માટે ચૉકલેટ, કૅન્ડી, રમકડાં ખરીદતાં મજા આવતી. ભુરી આંખો, ભરાઉ બદન અને સોનેરી વાળવાળી મેરીયાના મારી પાસે અડધો પાઉન્ટ સ્ટ્રૉબેરીના પૈસા ન લેતી કહે, ''તમે મારા માઈકલના અંકલ–ફ્રેન્ડ. તમારા પૈસા ન લેવાય.''

પંદર દીવસ જોતજોતામાં વીતી ગયા. બીજે દીવસે મારે 'કૉન્ટીનેન્ટલ ટુર' પર જવાનું હતું. ટૉમ, મેરીયાના અને માઈકલને મેં 'ઈન્ડીયા ક્લબ'માં મીજબાની આપી, ઈડલી, ઢોંસા અને ગુલાબજાંબુની. છુટા પડતાં આમારાં હૈયાં કંઈક ભારે હતાં. મેં કહ્યું, ''માઈકલ, હું પાછો આવીશ ત્યારે તારે માટે ખુબ રમકડાં લાવીશ. તને શું ગમે ?'' માઈકલે યાદી બનાવીઃ ટૉમીગન, ભમરડો અને ટેડીબેર. પછી ખીસામાંથી એક નાનું માઉથ–ઑર્ગન કાઢી એણે મને આપ્યું. કહે, ''આ તમને મારા તરફથી પ્રેઝંટ ! મને આ ઑર્ગન બહુ ગમે છે.'' વગાડીને કહે, ''જુઓ અંકલ, કેટલા સ્વીટ ટ્યુન છે ?'' હું ગળગળો થઈ ગયો. પોતાની સૌથી પ્રીય ચીજ એ બાળક હેતથી મને આપી રહ્યો હતો. ''ગૉડ બ્લેસ યુ !'' કહીને મેં માઉથ–ઑર્ગન ઑવરકોટના ખીસામાં જતનથી મુક્યું. ટૉમ–મેરીયાનાને કહ્યું, ''તમે અને તમારી સ્ટ્રૉબેરી વીના મને અડવું લાગશે.'' ટૉમે ઉષ્માપુર્વક મારો હાથ દાબીને કહ્યું, ''તમે પણ અમને ખુબ યાદ આવશો.'' મેનીરીયાનાની આંખમાં ઝાકળ હતું.

એક મહીનો હું કૉન્ટીનેન્ટ પર ફર્યો. જર્મની, ઈટાલી, ફ્રાંસ, સ્વીટ્ઝરલૅન્ડ અને સ્કેન્ડીનેવીયા. પાછા ફરતાં ટૉમીગન, ભમરડો, ટેડીબેર લેવાઈ ગયાં. સારું એવું એક્સચેંજ

એમાં વપરાયું; પણ મને એનો રંજ નહોતો. રોમથી કાલે લંડન પહોંચવાનું. સાંજે ઑક્સફર્ડ સ્ટ્રીટમાં ટૉમને બાંકડે.

બીજે દીવસે રમકડાંનાં પૅકેટ લઈ ઑક્સફર્ડ સ્ટ્રીટ પહોંચ્યો ત્યારે ચાર વાગવાની તૈયારી હતી. મને થયું, ટૉમ–મેરીયાના ચાલ્યાં તો નહીં ગયાં હોય ને ? દુરથી જોયું તો બાંકડો સંકેલાતો હતો. હું ઝડપથી પહોંચી ગયો. રમકડાં ખાલી બાંકડા ઉપર મુકી મેં ટૉમ અને મેરીયાના સાથે હાથ મીલાવ્યા. પછી પુછ્યું, ‘‘માઈકલ ક્યાં ?’’ બન્ને બે પળ મારી સામે જોઈ રહ્યાં. પછી ધ્રુજતે અવાજે મેરીયાના બોલી, ‘‘માઈકલ ? માઈકલ તો હવે નથી !’’ મારા ગળાના શબ્દો થીજી ગયા. ફરી મેરીયાના જ બોલી, ‘‘કાલથી અમે અહીં નહીં આવીએ. બધાં...બધાં એ જ સવાલ પુછે છે કે, ‘‘માઈકલ ક્યાં? પોલીયો ભરખી ગયો ! આ થાનક સાથેની લેણાદેણી પુરી થઈ. ખરું પુછો તો અમે જાણે તમારી જ રાહ જોઈ રહ્યાં હતાં.’’ ટૉમની આંખો ટપકતી હતી. મેરીયાના ખામોશ હતી. હું સુનમુન હતો !

છેવટે મેરીયાના બોલી, ‘‘અમે આ રમકડાં ખુબ જતનથી રાખીશું.’’ મેં ઑવરકોટના ખીસામાં હાથ નાખ્યો. મારી આંગળીઓ માઈકલના માઉથ– ઑર્ગન સાથે ટકરાઈ !

મૌનના પરીવેશને છંછેડ્યા વીના હું પાછો વળી ગયો. મારું મન ખુબ ભારે હતું.

–રસીક ઝવેરી

(જન્મઃ 24 ઑક્ટોબર 1911 અવસાનઃ 12 ઑક્ટોબર, 1972)

સ્વ. રસીક ઝવેરીના લંડનના પ્રવાસ-વર્ણનના પ્રસીદ્ધ પુસ્તક ‘અલગારી રખડપટ્ટી’માંથી સાભાર....પ્રકાશક : નવભારત સાહીત્ય મંદીર, દેરાસર પાસે, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧, ઈ–મેઈલ : info@navbharatonline.com પૃષ્ઠ : 124, મુલ્ય : 66 રુપીયા, પ્રથમ પ્રકાશન વર્ષ : 1969..પછી તેની કુલ તેર આવૃત્તી થઈ..!

આ જ પુસ્તકમાંના બીજા બે મઝાના પ્રસંગો(‘સ.મ.’ 112 અને 137) અને લેખકનો વીશેષ પરીચય વાંચવા તથા તસ્વીર જોવા નીચેની લીંક પર જરુર ક્લીક કરો..

**http://www.gujaratilexicon.com/index.php?action=downloadSeM**

@@@

‘સન્ડે ઈ–મહેફીલ’ – વર્ષઃ પાંચમું – અંકઃ 186 – February 28, 2010

‘ઉંઝાજોડણી’માં અક્ષરાંકનઃ ઉત્તમ ગજ્જર - **uttamgajjar@gmail.com**

@@@@@

All the Articles of previous **'SUNDAY eMAHEFIL's** can easily be downloaded from our website:
**http://www.gujaratilexicon.com/index.php?action=downloadSeM**